તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૭ | ૨૭ જૂન, ૨૦૧૬, સોમવાર ; જેઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## આજથી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ

લંડન,તા. ૨૬

જેની ઉત્સુકતાપૂર્વક રાજ જોવામાં આવી રહી હતી તે ટેનિસની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ આવતીકાલથી લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ ખાતે શરૂ થઈ રહી છે. કરોડો ટેનિસ ચાહકો આની ઘણા સમયથી ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. આ વખતે પણ નોવાક જોકોવિક તેના ફોર્મને જોતા પુરૂષોના સિગલ્સમાં તાજ માટે હોટફેવરીટ બનેલો છે.

જ્યારે મહિલાઓના વર્ગમાં સ્પર્ધા વધારે દેખાઈ રહી છે. વર્તમાન ચેમ્પિયન જોકોવિક અને સેરેના વિલિયમ્સ પોત પોતાના તાજને જાળવી રાખવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. હાલમાં ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં નોવાક જોકોવિક ચેમ્પિયન બન્યો હતો.

# કરચોરો સામે મોદીની લાલઆંખ

### ૩૦ સપ્ટેમ્બર સુધી બિનહિસાબી સંપત્તિ જાહેર કરવા લોકોને સૂચન : મન કી બાત રેડિયો કાર્યક્રમમાં મોદીએ વિવિધ મુદ્દે વાત કરી : ૩૦ સપ્ટેમ્બર બાદ કરચોરીના મામલે કોઇ રાહત નહીં : ઇમરજન્સી જાહેર કરવા સંદર્ભે કોંગ્રેસની ઉગ્ર ટિકા



નવી દિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મનકી બાત કાર્યક્રમમાં બિન હિસાબી આવક ધરાવનાર લોકોને કઠોર ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, જે લોકોની પાસે આપ્રકારની સંપત્તિ છે તેમના માટે ભારત સરકારે એક તક આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, હાલમાં જે લોકો આ પ્રકારની સંપત્તિની જાહેરાત કરશે તેમની સામે કોઈ પગલા લેવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૩૦મી સપ્ટેમ્બર આના માટે છેલ્લી તક છે ત્યારબાદ તેમની કોઈપણ મદદ કરી શકશે નહીં. મોદીએ કહ્યું હતું કે, રેવન્યુ વિભાગને સાફ સાફ શબ્દોમાં કહેવામાં આવી ચુક્યું છે કે, નાગરિકોને ચોર તરીકે ગણવા જોઈએ નહીં. નાગરિકો પર વિશ્વાસ કરવાની જરૂર છે. જો તેઓ નિયમો સાથે જોડાવવાની ઈચ્છા રાખે છે તો તેમને પ્રોત્સાહન આપીને સાથે જોડી દેવાની જરૂર છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, જે લોકો સ્વૈચ્છિક રીતે બિનહિસાબી આવક જાહેર કરવા માંગે છે તેમની સામે સરકાર કોઈપણ પ્રકારની તપાસ કરશે નહીં. પારદર્શક વ્યવસ્થાનો હિસ્સો બનવા મોદીએ

● અનુસંધાન પાન-૭ પર

## ૧૦૦ વર્ષ જુની રેલવે વ્યવસ્થાને આધુનિકીકરણ સાથે જોડાશે

### ભારતને ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧.૫ ટ્રિલિયન ડોલરની જરૂર : જેટલી

નવી દિલ્હી,તા. ૨૬

નાણાપ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતરને દૂર કરવા માટે આગામી ૧૦ વર્ષની અંદર ભારતને ૧.૫ ટ્રિલિયન રોકાણની જરૂર પડશે. કારણ કે, સરકાર મહાકાય આધુનિકીકરણની યોજનાના ભાગરુપે ૨૦૧૯ સુધી માર્ગો સાથે ૭૦૦૦ ગામોને જોડી દેવામાં આવશે. જેટલી હાલમાં એઆઈઆઈબીના બોર્ડ ઓફ ગવર્નન્સમાં હાજરી આપવા માટે ચીન પહોંચ્યા છે. જેટલીએ કહ્યું હતું કે, સરકાર વધુ એરપોર્ટ અને સી પોર્ટનું નિર્માણ કરશે. વધુ વિજળીનું



ઉત્પાદન કરશે. ખાસ કરીને રિન્યુએબલ એનર્જી તરફ ધ્યાન આપશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, આગામી દશક સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતરને દૂર કરવા માટે ભારતમાં ૧.૫ ટ્રિલિયન ડોલરની જરૂર પડશે.

# દિલ્હીમાં આપના ૬૦ ધારાસભ્યોની અટકાયત બાદ મુક્તિ

### વડાપ્રધાનના આવાસ તરફ વિરોધ કરવા જઇ રહ્યા હતા ત્યારે ધરપકડ કરાઈ : સાવચેતીના પગલારુપે અટકાયત



નવીદિલ્હી, તા. ૨૬

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા અને આમ આદમી પાર્ટીના ૬૦થી વધુ ધારાસભ્યોની આજે પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. પાર્ટીના ધારાસભ્યની ધરપકડ કરવા સામેના વિરોધમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવાસ તરફ આ લોકો જઈ રહ્યા હતા ત્યારે તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. જો કે, તમામને મોડેથી મુક્ત કરી દેવામાં આવ્યા હતા. મનિષ સિસોદિયાના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીના અનેક ધારાસભ્યો મોદીના આવાસની નજીક શરણાગતિ માટે પહોંચી રહ્યા હતા ત્યારે તેમને તુગલક રોડ ખાતે રોકીને અટકાયતમાં લઈ લીધા હતા. મુક્ત થયા બાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ રાયે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, દિલ્હીના નાયબ મુખ્યમંત્રી સહિત તમામને પોલીસે છોડી દીધા છે. બીજી બાજુ દિલ્હી પોલીસે પણ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, સિસોદિયાની ધરપકડ માત્ર કામચલાઉ ધોરણે હતી. દિલ્હી પોલીસે કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે ધારાસભ્યોને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ મામલામાં વધુ તપાસ ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર


Save Girl Child
પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS
Express Pvt Ltd
કેરીનો રસ મોકલી આપશું
પ્રિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105, 9898036257
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-O', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



